રાજયમાં નાના ધંધા રોજગાર કરવા માટે નબળા વર્ગના લોકોને સાધન ઓજાર સ્વરૂપે સહાય આપવાની જુદા-જુદા વિભાગોની યોજનાઓમાં એક સરખા વ્યવસાયો માટેની ટુલકીટસના સાધનની સંખ્યા અને કિંમત નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ક્રમાંકઃએમસીટી/૧૦/૨૦૧૦/૭૬૯૨૦૭/ખ,
તા.૨૩/૨/૨૦૧૧

**વંચાણે લીધાઃ-**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧/૧/૧૧નો ઠરાવ ક્રમાંકઃટીપીએ/૧૦/૨૦૧૦/૭૭૨૫૦૬/ખ

**આમુખઃ-**

વંચાણે લીધા (૧)માં જણાવેલ તા.૧/૧/૧૧ના ઠરાવથી રાજય સરકારના જુદા-જુદા વિભાગોની અલગ-અલગ યોજનાઓમાં એક જ પ્રકારના વ્યવસાય માટે એકસરખા સ્પેશીફિકેશવાળા અને એક જ સરખી સંખ્યાના સાધનો મળી રહે તે માટે ટ્રેડ અને સાધનોની સંખ્યા સાથે ટુલકીટસની મહત્તમ નાણાકીય મર્યાદા નકકી કરવામાં આવેલ છે.

આ ઠરાવના જોડાણ-૧ના પત્રકમાં ક્રમ-(૧),(૨),(૩) અને (૫)માં જણાવેલ ટુલની સંખ્યામાં જરૂરી સિલાઇ મશીન સાથે અન્ય ટુલની સંખ્યાનો સમાવેશ થાય છે. રાજય સરકાર દ્વારા આ પ્રકારના ટ્રેડો માટે એકસરખા અને બહુઉપયોગી વ્હાઇટ સિલાઇ મશીન આપવાની બાબત વિચારણા હેઠળ હતી. જેથી એક જ મશીન દ્વારા લાભાર્થી અનેકવિધ કામગીરીઓ કરી વધુ રોજગારી મેળવી શકે.

**ઠરાવઃ-**

ઉપરોકત દરખાસ્તની કાળજીપૂર્વક વિચારણા કરીને વંચાણે લીધા ક્રમાંક (૧) સામે દર્શાવેલ ઠરાવ સાથેના જોડાણ-૧ના પત્રકમાં દર્શાવેલ ક્રમ-(૧),(૨),(૩) અને (૫)ના વ્યવસાય(ટ્રેડ) આથી રદ કરવામાં આવે છે. ક્રમાંક (૧) સ્થાને નીચે મુજબ વંચાણે લેવા આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વ્યવસાયનું નામ | ટુલની સંખ્યા | ટુલકીટની કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | દરજીકામ/સીવણકાર્મ/એમ્બ્રોડરી(ભરતકામ) | ૧ (સીલાઇ મશીન) | રૂા.૬૦૦૦/- |

72

ઉપર મુજબના ટ્રેડ માટેના સિલાઈ મશીન વર્ષ ૨૦૧૦-૧૧, વર્ષ ૨૦૧૧-૧૨ અને તે પછીના સમય માટેના નક્કી થયેલા લાભાર્થીઓને જ લાગુ પડશે.

આ સિલાઈ મશીનની ખરીદી માટેના સ્પેશીફિકેશન તથા આખરી ખરીદી, સચિવશ્રીઓની ખરીદ કમિટીની (SPC) મંજૂરીને આધીન રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૩/૨/૧૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.શાહ)
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
૩. માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
૪. માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.ખા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
૫. મુખ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
૬. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૭. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૮. અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૯. અગ્ર સચિવશ્રી(ખર્ચ),નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૧૦. સચિવશ્રી(કુટિર ઉદ્યોગ),ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૧૧. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૧૨. કમિશનરશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ, બીરસા મુન્ડા ભવન, ગાંધીનગર
૧૩. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
૧૪. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લી., ગાંધીનગર
૧૫. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, જૂના સચિવાલય,ગાંધીનગર
૧૬. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પો.લી. ગાંધીનગર
૧૭. નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગર
૧૮. સદસ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, જૂના વાડજ, અમદાવાદ
૧૯. નાણા શાખા, બજેટ શાખા, આયોજન શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય
૨૦. સીલેક્ટ ફાઈલ.

નં. અ/ક/સાધન સહાય/૧૦-૧૧/ ૩૫૦
તા. ૨૫-૩-૨૦૧૧

નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ઓને.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૬૪